ૐ

॥ श्रीगणेशाय नमः ॥

। रसो वै सः ।

॥ रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दीभवति ॥

शृंगी ऋषि

નાટકનાં ગાયનો.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળી માટે

પ્રયોજક તથા પ્રકાશક

મૂળજી આશારામ ઓઝા.


આંગવાડી, પ્રીન્સેસ થીએટર-કાલબાદેવી રોડ, મુંબઈ.

આવૃત્તિ પહેલી, પ્રત દશ હજાર

આ પુસ્તક ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમા મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપ્યુ, સાસુન બિલ્ડિંગ્સ, સર્કલ, કોટ-મુબઈ

સવત્ ૧૯૭૧ સને ૧૯૧૫

મૂલ્ય બે આના.



॥ श्रीगणेशाय नमः ॥

શૃંગીઋષિ

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

મંગળાચરણ–આર્ય કુમારિકાઓના લગ્ન, તેના ભેદ, અને તેમાથી બધાતા શુભાશુભ ભવિષ્ય વિષેના વિચારોનુ દિગ્દર્શન

પ્રવેશ ૧ લો–ગંધ માદન પર્વતની તળેટી. મહામુનિ દુર્વાસાનુ ઉગ્ર-તપ, રંભાનુ આગમન, શંકરનો વેષ લઈ છળથી દુર્વાસાને તપ ભ્રષ્ટ કરવા, કપટ કળાઈ જતા દુર્વાસાનો શાપ.

પ્રવેશ ૨ જો–અરણ્યમાં વિભાણ્ડકનો આશ્રમ. અજાત નાયક શૃ-ગીની બાળચેષ્ટા.

પ્રવેશ ૩ જો–રાજમન્દિર પાસેનો ઉદ્યાન સહચરી સાથે વસન્તો-ત્સવ ઉજવતી રોમપાદ રાજાની કન્યા કાન્તાના, જીવા-નની લ્હાણુ એટલે શું ? તે વિષે પ્રશ્નોત્તર

પ્રવેશ ૪ થો–રોમપાદ રાજાના પંડિતનુ ઘર લાબાકાળની ક્ષય રોગથી પીડાતા પડિતજીનો તેમની ઉછ્રંખલ સ્ત્રી સાથે વાદ વિવાદ.

પ્રવેશ ૫ મો.–બગીચો. પુષ્પ ચુટવા આવેલી કાન્તાને પગમા વાગેલા કાટાની વેદનાથી આકુળવ્યાકુળતા કન્દર્પ કાન્તાના

પગમાથી કાટો કાઢવો, કાન્તાના મુગ્ધ મનોવિકારનું પ્રાબલ્ય, કાટો કાઢ્યા બદલ કાન્તાએ ઈનામ માગવાનુ કહેતા કન્દર્પે કરેલી કાન્તાના પ્રેમની માગણી

પ્રવેશ ૬ ઠ્ઠો–પંડિતનું ઘર. પડિતજીના મરણથી વિધવા થયેલી તેની સ્ત્રી રમણીએ પડિતના મિત્ર વામશર્માના સહવાસથી ધર્મ ભ્રષ્ટ થવુ, બનેએ ત્યાથી નાશી છુટવાના નિશ્ચયપર આવવુ

પ્રવેશ ૭ મો–રોમપાદ રાજાની ખાનગી કચેરી. દિગ્વિજય કરી આવેલા મત્રીપુત્ર કન્દર્પના સન્માન મહોત્સવ અર્થે ભરાયેલો દરબાર, મહામુનિ દુર્વાસાનુ આતિથ્ય, કન્દર્પનો સત્કાર, દિગ્વિજયના બદલામા ઈનામની માગણીનુ ફરમાન, કાન્તાની સાથે કરેલા સકેત મુજબ કન્દર્પ રાજકન્યા કાન્તાની માગણી કરવી, રાજા રાણીનુ કોપાયમાન થવુ

પ્રવેશ ૮ મો–અન્તઃપુરમાંનો એક ભાગ. સુવર્ણ મુદ્રા પાછી આપવા અને પોતાની માનસિક સહચારિણી કાન્તાના છેલ્લા દર્શન કરવા કન્દર્પનુ આગમન, બનેનો હૃદયદ્રાવક સવાદ

પ્રવેશ ૯ મો–મોહલેખાનું ઘર. દુર્વાસાના શાપથી પૃથ્વીપર પડેલી અપ્સરા રંભાનો મોહલેખા વેષે રોમપાદ રાજાના નગરમા નિવાસ, તેના અમાનુષિક લાવણ્યથી દીવાના બનેલા આશકોની વિહ્વળતા, મોહલેખાનો તે સર્વેને ઉપદેશ.

પ્રવેશ ૧૦ મો–અન્તઃપુર. દૈવ ગતિ વિષે વિચાર કરતા રાજા રાણી કાન્તાનુ મન સ્વસ્થ કરવા મોહલેખાને સોપવી, કોઠારીએ આવી ધાન્ય ભડાર સળગી જવાના ખબર આપવા, વિપત્તિનુ આગમન.

પ્રવેશ ૧૧ મો–કાન્તાનું શયનગૃહ કન્દર્પના વિયાગથી આશા ભગ્ન થયેલી કાન્તાના ઉન્મત્ત ઉદ્‌ગારો, શાન્તાનુ આગમન, બ્રહ્માડને પ્રિયતમ ગણવા તેનો આદેશ તથા સાન્તવન, કાન્તાનુ શયનસ્થ થવુ, વામ માર્ગીઓએ રાજમહેલમા આગ લગાડી કાન્તાને ઉપાડી ચાલ્યા જવુ, રાજમહેલનુ આગમા ભસ્મિભૂત થવુ

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો–સંગીત શાળા. સગીતશાળામા મોહલેખા પાસે સગીત શીખતી રાજકુમારી શાન્તા અને સહચરીઓ દેવેન્દ્રની આજ્ઞાથી યોગિની વેષ ભવિષ્યવેત્તા બની શચી–ઇન્દ્રાણીનુ આગમન.

પ્રવેશ ૨ જો–વામમન્દિર–વામીઓના ગુરૂની અમાસ જયન્તિનો ઉત્સવ, શૃગવેરપુરના રાજા વિજયસેને અને પાસેના તપોવનમા તપ કરતા યોગી બનેલા કન્દર્પે આવી કાન્તાને બચાવવી

પ્રવેશ ૩ જો–રોમપાદનો રાજમહેલ–દુષ્કાળ નિવારણની ચિતા કરતા રાજા રાણી અને આપ્ત મડળની આકુળવ્યાકુળતા, પોતાના મિત્ર ઇન્દ્ર દેવની રાજાએ કરેલી પ્રાર્થના, અતરિક્ષથી ઇન્દ્રે વિભાણ્ડક પુત્ર શૃગીઋષિને તેના દેશમા લાવવામા આવે તો સર્વ આપત્તિઓનુ એક જ કાળે પ્રશમન થાય એમ સૂચન કરવુ.

પ્રવેશ ૪ થો-તપોવનમાં કન્દર્પનો આશ્રમ-કાન્તાના લાવણ્યથી લલચાયેલા વિજયસેને તેની પાસે લગ્નની માગણી કરવી પણ કાન્તાએ પોતે પોતાનુ હૃદય કન્દર્પને અર્પેલુ છે એમ કહી તેની માગણીનો અનાદર કરવો

પ્રવેશ ૫ મો-તીર્થક્ષેત્ર-તીર્થ ગોર બનેલો વામાચાર્ય, ગગા કિનારે પાપનો પશ્ચાત્તાપ કરતી પડિતાણીનુ આગમન, બન્નેની અરસપરસ ઓળખાણ.

પ્રવેશ ૬ ઠ્ઠો-સરિતા તટ ઉપર કન્દર્પ કાન્તાની ગુફા-આશા સાગરમા વમળ ખાતી કાન્તાનુ નિર્જન અરણ્યમા ઉદાસ થવુ, બાળયોગિન્ કન્દર્પનુ આગમન, તેની મુખમુદ્રા જોતા તે કન્દર્પ હોવાનો કાન્તાને સશય પડવો, પરસ્પરની કર્મની કહાણી અને વીતેલા વીતકની વધાઇઓ, શૃગીને છળવા જતી સહચરી સહ, પુષ્પ નૌકામા બેસી મોહલેખાનુ કિનારે ઉતરવુ, કાન્તાને યોગિની વેષે જોઈ સ્તબ્ધ થવુ

પ્રવેશ ૭ મો-વિભાણ્ડક આશ્રમ. શ્વાનમાથી વરાહ બનેલા પોતાના બાળમિત્રને વનનો રાજા કરવા શૃગીની પિતા પાસે હઠ, વિભાણ્ડકે વરાહમાથી સિહ કરવો, વિભાણ્ડકનુ સધ્યાર્થે જવુ, શૃગીનુ એકલા પડવુ, નિકુજમાથી બ્રહ્મનાદ સાભળી શૃગીએ આકર્ષાઈ આશ્રમ બહાર જવુ

પ્રવેશ ૮ મો-આશ્રમ પાસેની નિકુંજ બ્રહ્મનાદ, મોહલેખા વગેરે દિવ્ય ઋષિકુમારો છે એમ સમજી શૃગીનુ હર્ષ ઘેલા થવુ, અરસપરસ અતિથિ સત્કાર, અજ્ઞાત નાયકના પરિહાસ.

પ્રવેશ ૯ મો-વિભાણ્ડકનો આશ્રમ. પ્રાત સધ્યા કરી પાછા ફરેલા વિભાણ્ડકે આશ્રમની છિન્નભિન્નતા જોઈ શૃગીને બોલાવવો, શૃગીની વિરહાકુળ સ્થિતિ, વિભાણ્ડકે શૃગીને સ્વસ્થ કરી અમરાપુરીમા જવુ, છુપાયેલ મોહલેખા વગેરેનુ આગમન, તેમને જોઈ શૃગીના આનન્દનુ ઉભરાઈ જવુ, શૃગીને નૌકામા બેસાડી મોહલેખા વગેરેનુ પોતાને દેશ જવુ

પ્રવેશ ૧૦ મો-વિભાણ્ડકનો આશ્રમ અમરાપુરીથી પાછા ફરેલા વિભાણ્ડકે આશ્રમ શૂન્ય જોઈ વિભ્રાન્ત થવુ, ધીરજ ન રહેવાથી ગેબી આહ્વાન કરવુ, ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનુ તેમના તપોબળથી પ્રકટ થવુ, શૃગીનુ ત્રણે કાળનુ ભવિષ્ય જાણવાની પ્રબળ જિજ્ઞાસા જોઈ, ભૂત, વર્તમાન અને ભવિષ્યે બતાવેલી શૃગીની પરિવર્તન પામતી અવસ્થા, વિભાણ્ડકનુ દિગમૂઢ થવુ, તેમના ક્રોધનુ પ્રશમન, સપ્તર્ષિઓના ચૂડામણિ તરીકે શૃગીનુ ભાવષ્ય દર્શન જોઈ તેમનો નિરવધિ આનન્દ, ત્રિકાળનુ અદૃશ્ય થવુ, ટેબ્લો

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો-કન્દર્પનો આશ્રમ. સ્નેહ ચિતામા સ્નાન કરી વિશુદ્ધિની અણીયે પહોચેલા અર્ધસસિદ્ધ સ્નેહયોગી કન્દર્પની ભ્રમ-રમણા, વિભાણ્ડકનો આદેશ, પોતાના તપોબળથી કાન્તામય વિશ્વ બતાવવુ હૃદયની છેલ્લી ગ્રન્થીનુ છેદન, સસિદ્ધિનુ શોધન, દ્વૈતાદ્વૈતનુ રહસ્ય. અલખ યોગની દીક્ષા.

પ્રવેશ ૨ જો-બગીચો. પાચમો વેદ પઢાવતા અજ્ઞાત નાયક શૃગીનો તથા મોહલેખા, શાન્તા, કાન્તા વગેરેનો પરિહાસમય વિનોદ, મોહલેખાના શાપની અવધિ, પોતે દેવેન્દ્રની અપ્સરા રભા છે, એમ પૂર્વ જન્મનુ ભાન થવુ તથા ગગામા શરીર છોડી ચાલ્યા જવુ

પ્રવેશ ૩ જો-ભાગીરથી તીરે દેવર્ષિનો આશ્રમ. પાપીષ્ટોના પાપનુ પ્રાયશ્ચિત્ત

પ્રવેશ ૪ થો-શાન્તાનું અન્તઃપુર. અજ્ઞાતનાયકમાથી સપૂર્ણ દક્ષ નાયક બનેલા શૃગીએ ગૃહસ્થાશ્રમની મધુરતાનો અનુભવ કરવો, આભારના ઉભરાથી ઢળી જતા પ્રેમી દપતીનો રસાર્વિત્ત ચિત્તે પ્રમોદજનક વિનોદ, સ્નેહની શીતળ છાયમા દપતીનો વિરામ

પ્રવેશ ૫ મો-રોમપાદનો રાજમહેલ. વિભાણ્ડક ઋષિનુ રાજાના આતિથ્યથી પ્રસન્ન થવુ, શૃગી-શાન્તાએ આવી નમન કરવુ, વિભાણ્ડકે પુત્ર અને પુત્રવધુને જોઈ આનન્દિત થવુ, શાન્તાએ દક્ષતાથી અનેક વરદાન માગી લેવા, પોતાની સાથે આવેલા બાળયોગીને વિભાણ્ડકે કન્દર્પ તરીક ઓળખાવવો, સર્વનુ સાનદાશ્ચર્ય, કાન્તા-કન્દર્પના આત્મલગ્ન, વિભાણ્ડકની સર્વને શુભાશિષ, અન્તિમ આનન્દ.

મુખ્ય પાત્રો.

શૃંગી—વિભાણ્ડકના પુત્ર

વિભાણ્ડક—કાસ્યપના પુત્ર, એક મહાન્ ઋષિ

દુર્વાસા—એક ઉગ્રતપસ્વી

રોમપાદ—અંગ દેશના રાજન્

સુમંત્ર—રોમપાદના મંત્રી.

કન્દર્પ—સુમંત્રનો પુત્ર, કાન્તાનો પ્રેમપાત્ર

વિજયસેન—શૃંગવેર પુરનો રાજા

વામ શર્મા—એક વામ માર્ગી, પાછળથી બનેલા વામાચાર્ય.

કવિ
પંડિત
ઠાકોર
સન્યાસી } —વામ માર્ગના અનુયાયીઓ

ભૂત
વર્તમાન
ભવિષ્ય } —ત્રિકાળ

દેવર્ષિ—સરયૂ તીરેવસતા એક ઋષિ.

સ્ત્રી પાત્રો.

શાન્તા—રોમપાદ રાજાની મોટી પુત્રી, શૃંગી ઋષિની પત્ની.

કાન્તા—રોમપાદ રાજાની નાની પુત્રી, કન્દર્પની પત્ની.

સુલોચના—રોમપાદની રાણી, શાન્તા-કાન્તાની માતા.

શચી—યોગિની રૂપે ભવિષ્યવેત્તા બનેલા ઇન્દ્ર પત્ની.

મોહલેખા—દુર્વાસાના શાપથી પૃથ્વીપર વારાંગના થઈ અવતરેલી અપ્સરા રંભા.

રંભા
મેનકા
સહજન્યા }—ઇન્દ્રની અપ્સરાઓ.

રમણી—રોમપાદના પડિતની ઉચ્છૃંખલ સ્ત્રી

એ સિવાય-ઇન્દ્ર, માતલી, કુલગુરૂ, અમાત્ય, કોઠારી, વામમાર્ગીઓ, સિપાઈઓ, શેઠ, શેઠાણી, રસિકા, વામી સ્ત્રી મંડળ, દાસ, દાસીઓ, શ્વાન, વરાહ, સિંહ વગેરે વગેરે.

વિજ્ઞપ્તિ.

નાટક એ જગતનુ અને જનસ્વભાવનુ ચિત્ર છે, તેને સર્વાંશે પૂર્ણ આલેખવુ એ વિદ્વાનોને પણ અશક્ય લાગે છે, તો પછી મારા જેવાની તો એ શક્તિની બહાર હોય તેમા આશ્ચર્ય શુ!

કવિશ્રી ન્હાનાલાલે મારા પ્રત્યેના અપૂર્વ સ્નેહને અગે પોતાની ઉચ્ચ મનોવૃત્તિ દર્શાવી તેમના એ ગાયનો આ ઓપેરામા દાખલ કરવા પરવાનગી આપી છે, જે માટે તેમનો હુ આભાર માનુ છુ

તેમજ આ પ્રયોગની ગુથણીમા નડિયાદના એક ઉછરતા બ્રહ્મભટ્ટ યુવક મને સહકાર થયા છે તેમને પણ મારે આ પ્રસગે વિસરવા ન જોઈએ

ગાજહસ જેવા પ્રેક્ષક સજ્જનોને નાટકકાર તરીકે મારી નમ્ર વિજ્ઞાપના છે કે, ક્ષીર-નીર ન્યાય ગુણ ગ્રહણ કરી દોષ તરફ નહિ ઢળતા મારી જનસેવાની લાગણીની કદર કરશો. આ પ્રયોગ આપને રૂચીકર થશે તો હુ મારા પ્રયાસની કૃતકૃત્યતા માનીશ

ગણેશ ચતુર્થી,
સવત્ ૧૯૭૧
મુબઈ.

મૂલજી આશારામ ઓઝા.

ॐ

॥ श्रीगणेशायनमः ॥

॥ श्रीमद् वाघ सद्गुरवे नमः ॥

શૃંગીઋષિ નાટકનાં ગાયનો.

સૂત્રધાર— **મગળાચરણ.**

વદુ વિભુ વિરાટ સ્વરૂપ,
સત્ય અનત જ્યોતિ રૂપ —વદુ૦
વ્યોમધરા જલ તેજ સમીર,
પચમહાભૂત તુજ શરીર —વદુ૦
સત્ય સનાતન શાન્તિ નિકેતન,
બ્રહ્માડ ભૂપ બ્રહ્મ સ્વરૂપ —વદુ૦

નટી— ૨

પ્રેમ તરગે મસ્ત બનેલી, સ્નેહ ઘેલી કુમારી ઉર,
કુમાર ભાવો ખીલતા જેવી, વસતમા ફુલવેલી ખીલે
પરણીને પરવશ થાતામા, મુગ્ધ ઉર્મિ સૂકાઇ ખરે,
હૃદયોર્મિ સોપાતી જેવી, ગ્રીષ્મ સમયની વેલી અરે
સ્નેહ લગ્નકે હૃદય લગ્નમા, ઘેલી બનીકો તરફડતી,
બ્રહ્મચર્ય આદરતી કો, સસાર બ્રહ્મ ભવન કરતી.

માળિકાઓ— ૩

કુમારિકાના કોડનો પામે ન કોઈ પાર ! પામે ન...
આશાના તરંગે એ રચતી સંસાર.—કુમારિકાના.
સ્નેહ લગ્ને ઘેલી ઘેલી થાતી કો કુમારિકા,
કામ તણી જ્વાળે કો બળતી કુમારિકા,
વડીલોની આમન્યા પાળતી કુમારિકા,
બ્રહ્મચર્ય ભાવનામાં રમતી કુમારિકા
કો બગાડે સુધારે, કો તારે ઉદ્ધારે,
પતિને પોતાને, ઉતારે ભવપાર,
કુમારિકાના પ્રારબ્ધના એવા પ્રકાર—કુમારિકાના.

રંભા— ૪

મધુરશો મલય પવન મ્હેકે !
માલતી તરુવરે લ્હેકે !
પુષ્પ તણી પરિમલ બહુ બ્હેકે !
સખીજો ! શોભા ઉપવનની (૨)

અપ્સરાઓ—

અંગ તવ અનંગથી બ્હેકે !
મદન તણી ફુલવાડી મ્હેકે !
લલિત તારી આંખલડી લ્હેકે !
પીડા અમે પ્રમાણી અંતરની (૨)

રંભા—

સરવર કમળ પરાગ વહે !
તરુવર નીચા ઢળી ઢળી રહે !

પંખીડાં મધુર મધુર કંઈ કહે!
સખીજે! શોભા ઉપવનની (૨)

અપ્સરાઓ—

અંતરે ઉંડા ઉમળકા વહે!
જૂઠી તારા લોચનીયા શું કહે!
અલી હવે હા કહે કે ના કહે!
પીડા અમે પ્રમાણી અંતરની (૨)

૫

રંભા—

મુનિરાજ! ક્ષમા હું યાચું,
પતિત પાવન અધમોદ્ધારણ, શરણ આપનું સાચું.—મુનિરાજ!
ચંદન શીતળ વળી ચન્દ્રમા, વૃષ્ટિ કરે અમૃત તણી,
એ સર્વથી શીતળ કૃપા, શાસ્ત્રે મહજ્જન તણી ગણી,

અપ્સરાઓ—

દોષ રોષ અમમાં નવધરશો, દૃષ્ટિ એક દયાની કરજો,
લક્ષ ચોરાશી હરણ સુખરાશી, શરણ આપનું સાચું—મુનિરાજ!

૬

વિભાણ્ડક—

માયાના મર્મ કહો કોણ કળે!
અઘટિત ઘટના અટપટી રચતી, પલટાયે પળપળે—માયાના
બ્રહ્મ જ્ઞાનમાં મગ્ન થઈ જે, રમણ ધ્યાનમાં કરે,
એવા મહા મુનીશ્વર ભૂલ્યા, ભાન માયાના બળે—માયાના.
ક્યાં સુત શૃંગી માત ક્યાં હરિણી, નામ નિશાન ન મળે,
નિજ માયાને નિમિત્ત કરીને, હરિ ચહાય તે કરે—માયાના.

કાન્તા અને સખીઓ— ૭

રચ્યો વસંતે રંગ માંડવો રે બહેન !
જાગો વસંત તણા વારણે સખી
કોઈ સજ્જન સ્નેહાશીના સંભારણે સખી—જાગો
કોયલડી જગવે પ્રભુ, કરી પ્રણયના ગાન,
ફુલવલ્લી ઢળી કુસુમથી, આપે વસંતને માન.
કુસુમાકર સર્વ ઋતુ, કુંજમાં ચૂડામણિ,
વસંતે હરી તેજના અંબારરે હો બહેન !—જાગો
સુવાસનો ભંડાર સર્વ, સૌન્દર્ય શિરોમણિ,
વસંતે હરી તેજના ચમકારરે હો બહેન !—જાગો

શાન્તા અને સખીઓ— ૮

મહિમા એનો મુખે કહ્યો કેમ જાય, મહિમા મુખે... ...
મોક્ષ માર્ગની યાત્રા સાચી, જીંદગીથી સમજાય,
કલ્યાણ યાત્રાનો મર્મ ન જાણે, પ્રાણી બધા અટવાય—મહિમા
વસન્તમાં ખીલતા જે ફુલડાં, ગ્રીષ્મ માંહી કરમાય,
એની એજ વળી ગ્રીષ્મ વસન્તો, આવે ને વહી જાય મહિમા
જાણ્યા છતાં પણ રહે અજાણ્યા, તેને શું કહેવાય,
અણસમજુને શું સમજાવં, સમજે સહેલું જણાય—મહિમા.

કાન્તા— ૯

વિમળ કાંતિ મોતી માળ, કંઠ ધરજે વહાલા !
હૈયાના ! અંતરના એની, વહેલો વળજે વહાલા

પછી સ્નેહને નન્દનવન, સચરજે વહાલા!
મને અતરમા તારી હવે, ગણજે વહાલા.-હોરાજ!

કન્દર્પ— આજે અમૃતના કોલ, શાતેં દીધા બાળા!
પ્રાણ પરવશ કીધા, પ્રેમ ભીની બાળા,

કાન્તા— પથ જોતી પ્રિયાના, માર્ગે પળજે વહાલા!
મારા ઉરની અભિલાષ, સફળ કરજે વહાલા.-હોરાજ!

વામાચાર્ય— ૧૦

સુધારો કરીએ બહુ સારો મૂર્ખાની મતિ હણી, (૨)
હમણા ગણશે સહુ અકારો, આખર ગણશે પ્યારો—સુધારે૦
કુલ સ્વતંત્રતાને દેનારો, વળી તન મન પ્રફુલ્લિત કરનારો,
સહુ જાતિ બંધન હણનારો, મન માન્યા સુખને દેનારો.—સુધારે૦

કુમારિકાઓ— ૧૧

કુમારી! સર્વ આવો, કીર્તિ કુંવર! વધાવો,
ભરી મગળ કર લાગે, જીવન જાગે, પ્રિય પરાગે
કળી આત્મની ખીલાવો—કીર્તિ કુંવર૦
અમૃત સમી જય કીર્તિ, પ્રિય તાતને ધરાવો,
નિજ ઉરના આદેશ, ઉડા સ્નેહથી સુણાવો
વિજય વાદ્ય વાજે, ત્રિલોકે આજે, હર્ષ ગાજે,
કળી આત્મની ખીલાવો—કીર્તિ કુંવર૦

કાન્તા— ૧૨

કપે કાળજડાની કોર, અરે! પિયુ જશે પરદેશ
પ્રિય મારા ઉડી જશે પરદેશ, કહ કોને અંતરના સન્દેશ-કપે

વનજશે કે વિદેશ જશે, મારો નયન ચૂડામણિ નાથ !
પવનતણી મને ગતિ ન મળી, જાત ઉડી એની સાથ -કપે
ચન્દ્ર સૂરજ અને નવલખ તારાઓ, હુ વિનવુ જોડી હાથ,
દીન કિંકુરીની લાવી દયા, તમે પાછા વાળો મમનાથ.-કપે.

કાન્તા— ૧૩

મગળ કરી મુજને મળજે રે મનવલ્લભ મારા (૨)
શ્યામ સુવાળા હો રાજ ! રૂપાળા,
અધીરી આખડી તલસે પ્યારા,

કન્દર્પ— સહજ સુવાસિની માલતી માળા !
અમૃતથી તવ બોલ રસાળા.-મનવલ્લભ.

કાન્તા—

જુદી કીકી નથી નેત્રથી, નથી પ્રાણ જેમ શરીરથી,
છાયા નથી કાયા થકી, પ્રકૃતિ જુદી જેમ પુરુષથી,
જ્યોતિ જુદી નથી સૂર્યથી, નથી ચન્દ્રિકા જેમ ચન્દ્રથી,
ત્રણ લોકમા ગણજે નથી, કાન્તા જુદી કન્દર્પથી
શરીર સ્વાગ ધરીશ તવ ચરણે,

કન્દર્પ—

મન ધરજે તુ ભગવત્ શરણે,

શાન્તા—

અરસપરસ તમે સ્નેહે સમર્પજો,
મોક્ષ કારક મોક્તિક માળા.-મનવલ્લભ.

મોહલેખા— ૧૪

ગાન મધુરા ક્યાગા, અલીરજની ! ગાન મધુરા ક્યાગા.
તારલીયા તણા સાળુડા ધારી, કામણગારી નથા-અલીરજની !

ચાદલિયાને ઉપર ધારી, એકલડી ન હરખા-અલીરજની!
યોગીજનો સખા! સાધે સમાધિ, શીતળ સમીર તુ વા-અલીરજની!

મોહુલેખા— ૧૫

આવો જન્મ મળે નહિ વાર વાર,
કરો પ્રભુ પ્રીતમથી પ્યાર પ્યાર -આવો.
ઝાકળ જળથી કેમ બને કહો, મુકતા મણિના હાર,
કાયા તમને કાઞ્ચન જેવી, ફરી ફરી કયા મળનાર -આવો.
દેહ દેવળના મન મન્દિરમા, પ્રભુ પ્રીતમના દ્વાર,
કોટીક કામ રસાળ છબીએ, ફરી ફરી કયા મળનાર.-આવો.

મોહુલેખા— ૧૬

સુખદુ ખ નિશદિન નવ રહેતા, ઘટમાળે જાય જળ વહેતા
ભરતી ઓટ સાગરમા થાતી, સૂર્ય ચન્દ્રતણી ગતિ પલટાતી,
પ્રાણી માત્રના ચક્ર ભાગ્યના, ઉંચે નીચે ચઢતા.—ઘટ માળે.
સપત્તિમા કદી નવ હરખાતા, વિપત્તિમા મનમા ન મુઝાતા,
સજ્જન ઇચ્છા ગણી હરિની, મનમા મગ્ન ફરતા.—ઘટ માળે.

કાન્તા— ૧૭

સુના તેં મૂકયા શાને, સુના તેં મૂકયા,
હસા! હૃદયના પિજર સુના તેં મૂકયા
નભના વિહારી પીશે, ગગનના વારી રાજ!
ઝરી ઝરી મરશે તારી, હસી બિચારી રાજ --હસા

આંગણે માનસ રચાવુ, કનક પાળો બધાવુ,
મોતીડે પુરાવુ હૃદયનો, ચોક સમારી રાજ —હસા.

કાન્તા- ૧૮

બ્રહ્માંડ રમણિક વિસ્તર્યું, આ બ્રહ્મભવન સમુ,
અહા ! ત્યા એકલી હુ રમુ
જ્યોતિ ગગન વન પવન, ઉપવન સ્વરૂપમા વિરમુ,
હવે બસ પ્રીતમમાજ રમુ
અતરત્રુટી ગ્રન્થી હવે, ઉગવુ ન આથમવુ,
અભિરણ ભર્યો સચરાચરે, હુ પળપળે પ્રણમ.- અહા !
બ્રહ્માંડ પ્રિયતમ ! બ્રહ્મ પ્રિયતમ ! પ્રિય સ્વરૂપ થવુ,
આશાનુ અવલમ્બન પ્રીતમ, હુ પ્રીતમમા વિરમુ.- અહા !

શાન્તા સખીઓ— ૧૯

સખીઓ ! સહુ ચાલો, ગૌરી ચરણે ચિત્ત ધરીયેરે,
પરમ કલ્યાણી જાણી, પૂજન મન ધરીયેરે
મન માન્યા સુખડા મળશે,
વાંચ્છિત ઇચ્છિત વર ફળશે,
કરુણા કરી અઢળક ઢળશે,
આશિષ અતરની મળશે,
ભગવતી ચરણે જાતા પાર ઉતરાયરે —સખીઓ !

વામીસ્ત્રીમંડળ— ૨૦

અમે સહુ હીચીયેરે, મદન વાટિકાની માંય,
અમે રસ ઝીલીયેરે, પ્રેમ હીંચોળા માંય.-અમે સહુ

મદન વાટિકાની માંહ્ય! આમ્ર મંજરીની છાંય!
અમે નિત્ય નાહિયેરે, રસ સરોવર માંહ્ય.-અમે સહુ.
આત્મા ઠામ છે રસ તણો, રસ સ્વરૂપ ભગવાન!
રસઝીલી રસબસ થતાં, પામું પ્રભુ સમાન—
અમે નિત્ય નાહિયર.

વામીસ્ત્રીમંડળ— ૨૧

આજે મુક્તિ મંદિરને વધાવીયે રસિકડાં!
મુક્તિ મંદિરને વધાવીયે
રસીલા જીવનને રંગે, રંગમાં ભિંજાવીયે,
નાજુક હૈયાની કોમળ, કળીયો ખીલાવીયે.
પ્રાણ કેરી પાદડીયો ડોલાવીયે-હારે આજે
યૌવનના બગીચા, નવરંગે ખીલાવીયે,
અલબેલી ફુલવેલીયોથી, રસિયા રીઝાવીયે,
અવનીપર નન્દન વનને પ્રકટાવીયે-હારે આજે.

મોહલેખા— ૨૨

મૂર્તિ મોહિની રે હું મૂર્તિ મોહિની રે,
મોટા મુનિના મૂકાવું હું તો માન.-મૂર્તિ
ક્ષણમાં વિસરાવું સાન, લાવું ભૂલાવી ભાન,
હરિહર વિરચીનું ચૂકાવું હું તો ધ્યાન.-મૂર્તિ.
મારી નયનોના બાણ, પાડું પરવશ હું પ્રાણ,
ત્રિભુવન પ્રસારું મોહલેખા મારૂં નામ-મૂર્તિ

કાન્તા— ૨૩

ના, ના, ના એ નહિ બને (૨)
શરીર લગ્ન નહિ ગમે મને —ના, ના, ના.

માછલડી સરવર જળ પ્યાસી, ખારા સાગરે રહે ઉદાસી,
મીઠુ જળ માને સુખ રાશી, તેનુ મનડુ ત્યા રમે.—ના, ના, ના.
આત્મલગ્નવિણ જીવન અકારૂં, શરીરલગ્ન શુ કરે બિચારુ,
જે જેનુ તે તેને પ્યારુ, ગાડુ ચિત્તડું ત્યા ભમે.—ના, ના, ના.

કાન્તા— ૨૪

હુ તો જોગણ બની છુ, મારા વહાલમની,
વહાલમની, પ્રેમ આલમની —હુ તો
વન વનના મહેલ પ્રીતમ ! તારા વિણ સૂના છે,
તીરથના ઘાટ પ્રીતમ ! જોગીથી જૂના છે.
રસિકા એ રસના ઉપાસકની —હુ તો
તરુ તરુને પાને પ્રીતમ ! નામજો તારુ છે,
રેખા રેખામા પ્રીતમ ! ભાગ્યજો મારુ છે,
દાસી એ દિલના દિલાવરની.—હુ તો.

(કવિ ન્હાનાલાલ)

વામાચાર્ય— ૨૫

બહુ ધણીની જો જો ધણીયાણી, વૃદ્ધા નારી આ પતિવ્રતા,

પંડિતાણી—

તીર્થ ફરી ફરા બની ભક્તાણી, હજુ રહ્યા તમે ભટકતા.—વૃદ્ધા.

વામાચાર્ય—

સો સો ઉંદર મારી મીનીબાઈ, પાટ બેસી તમે થશો છતાં.-હજુ.

પંડિતાણી—

તીર્થ ક્ષેત્રમા પાપ કરેલા, વજ્રલેપ સમ ચોટી જતા.-વૃદ્ધા.

શેઠાણી— ૨૬

મળે અબળા અવતાર, માગુ સ્વામી મજેદાર,
મનોરથ પૂરનાર, તો તો સુખી આ સસાર.

શેઠ— બોલે બોલ તારા ઝીલુ, પણ ગણે ન લગાર,
નિત્ય નિત્ય નવા રગ, કયાથી ચાલે વહેવાર.

શેઠાણી— હુ કાઢુ વાત જ્યા, હાસ્યને વિલાસની,
ફાડ મારો વાત લાવી, વ્યાજને વટાવની -મળે.

શેઠ— પૈસા વિનાનો નર, ખરમા ગણાય,
વિદ્વાન ગુણવાન, ધનવાન ઘેર જાય.

શેઠાણી— જ્યા રાત દિવસ વાતો, વેપારની જ થાય,
ત્યા સસારના સુખ, કહો કયાથી જોવાય.-મળે.

કાન્તા— ૨૭

વીજલડી ! જઇ પિયુને કહેજે રે,
માર્ગ ભૂલી તારી રક સખી ! તુ થોડો દિલાસો દેજેરે.-વીજલડી.
આછી આકાશમા રમતી રમતી, જગપર વિલસતી બહેન !
વિશ્વે ફરતા મારો વહાલો મળે તો, કહેજે મમપ્રીતિના ચેનરે.-વીજલડી.

ક્ષણિક પ્રકાશ છે બ્હેની તારો, ક્ષણિક પ્રીતલડીનાં સુખ !
ક્ષણિક સસાર હુ સમજું તોયે, સાલે વિરહનુ દુ ખ રે.-વીજલડી

કન્દર્પ— ૨૮

જોને ! ખીલે પ્રભાત કેવુ ધીમે ધીમે !
જોને ! વેરે પરાગ પુષ્પ ધીમે ધીમે !--જોને !
તારા ડૂબે નભ મડળે, રજની ભૂષણ સમાન,
ઉષા ખીલે જ્યોતિ ઝીલે, અરુણની દિપ્તિમાન
કેવો વિશ્વે વિલાસે ભાનુ ધીમે ધીમે !
પ્રકટે પ્રભુના પ્રકાશ એવા ધીમે ધીમે !--જોને !

કન્દર્પ— ૨૯

આલમ તણા ચોગાનમા જ્યા ચાદની ચમકી હતી,
બેઠી હતી ત્યા બાગમા, એકાતમા ઉર રીઝવતી,
ફુલ વીણતા કટક ખુચ્યા, સુકુમાર રમણી પાયને,
પ્રેમાશીજન તે કાઢતો, એ ચિત્ર નયનોમા સ્ફુરે

કાન્તા—

મને ભોગી મળ્યા, બ્રહ્મ ભોગી મળ્યા,
સિદ્ધ યોગી મળ્યા, ભવ બધ ટળ્યા,
મારા પ્રારબ્ધના, એ તો લખ ફળ્યા.
ભૂત કાળના સર્વે, મેં ભેદ કળ્યા,
સ્નેહ મર્તિ સ્નેહાશી, રાજ મળ્યા,
મારા પ્રારબ્ધના, એ તો લેખ ફળ્યા.-મને.

વિભાણ્ડક— ૩૦

બ્રહ્મ ભોગી તણા જયકાર, બધુ બ્રહ્માંડ ભરે (૧)
હરિના ધ્વજને ધરનાર, જગે જય યાત્રા કરે (૨)
રોગ જીત્યો જેણે ભોગ જીત્યો, વળી લોક જીત્યો જેણે ક્રોધ જીત્યો,
લક્ષ્મી જીત્યો જેણે લોભ જીત્યો, વળી દુઃખ જીત્યો જેણે શોક જીત્યો –બ્રહ્મ
ઇન્દ્ર જીત્યો જેણે યજ્ઞ જીત્યો, વળી મોક્ષ જીત્યો જે આનન્દ જીત્યો,
વિશ્વ જીત્યો જેણે કામ જીત્યો, અને બ્રહ્મ જીત્યો જેણે આત્મ જીત્યો,
અહો ! જોગી તણા જયકાર, બધુ બ્રહ્માડ ભરે

(કવિ ન્હાનાલાલ)

શૃંગી— ૩૧

ભાનુ વિશ્વ ઉજાળતો જળહળે, ત્રૈલોક્ય ચૂડામણિ,
નભમા જેમ રહ્યો શશિ વિલસતો, બ્રહ્માડ તારા મણિ,
નક્ષત્રો મહિ જેમ નિશ્ચલ રહી, વ્યોમે સ્થિતિ ધ્રુવના,
એવી જ્યોતિશી બ્રહ્મની મુદભરી, વિશ્વે વિલાસા રહી.

૩૨

મોહલેખા સખીઓ—

શો સુણાય શો સુણાય, સોહમ્ શબ્દ શો સુણાય !
વાગે બ્રહ્માડે અલખ બસરી તણો !
પરમ અમૃત ઉભરાય, પરમ અમૃત ઉભરાય !
રટે આનદ મુનિ દેવના ગણો !

વિરાટ પુરુષની વાસળી, રટે પ્રણુવ રસ સાર,
રાસ રમે આનન્દથી, સૃષ્ટિ સરજન હાર!
તત્ત્વ ત્રૈલોકનું એ, બસરીના ગાનમાં,
રામ રામ અમૃતની હેલી કરે,
અક્ષર સરિતાઓ આજ, ઉલટી સાહેલડી!
કૈવલ્યના સાગરમા સહેજે ઢળે.-શે સુણાય.

૩૩

શૃંગી—

વાહ ઋષિરાજ! લાગો બહુ વહાલા વહાલા!
શિર કેશ છે સુવાળા, બહુ કાળા કાળા-વાહ
જાણે ભ્રમરમાળા, વળી ગાલ બહુ રસાળા!-શિર.
હરિણી નયન વદન ચદ્ર!
જેના મને થાયે બ્રહ્માનદ!

મોહલેખા— શીખવીયે મીઠા મદન મત્ર,
બતાવીયે રતિ આસન તત્ર,
* * * *
ચાલોને મુનિબાળા! જેવાને મદન શાળા.-શિર.

૩૪

મોહલેખા સખીઓ—

નેહ ભર્યાં નયને, જોઈ લેશો મુનિરાજ!
મધુરી યોવન કેરી મૂર્તિયો!

પુલડાની ક્યારીઓ ! મદન પુલ વાડીયો !
રસના વિહારી રાજ ! રસ ભરેલી ઝારીયો !

* * *

અનગ તણી દાસી, સુખરાશી, પ્રેમપ્યાસી,
તમે થાજો અમપુરતણા, વાસી મુનિરાજ !
માયાના અગ કેરી શક્તિયો !
આશા સાગર તણી ઉર્મિયો !

* *

—નેહ ભર્યા.

મોહલેખા સખીઓ— ૩૫

હારે ચાલો ચાલો સલુણા રસકુજમા !
મીઠી મજા માણોને રસકુજમા —હારે.
ખીલી સુદર શી કુજ !

માહિ પુષ્પોના પુજ !

' ' '

ગુજે ભ્રમર જુઓને ઉછરગમા.—હારે.

કુન્દર્પ— ૩૬

સુકાની વિના ડોલે મારુ નાવ,
ત્રુટયા હૃદયના તાર અમારા, હજુયે થતા નથી દર્શન તારા,
અધુરા પણ મધુરા દઇ દર્શન, નાથ ! તુ કાતરસાવ.—સુકાની.

જીવન જ્યોતિ કેમ ગુમાવ્યા, અંધકારના માર્ગે આવ્યા,
તવ દર્શનની પ્યાસી આંખલડીને, માર્ગ તું દેવ ! બતાવ.—સુકાની.

કન્દર્પ— ૩૭

હવે હું અલખ યોગ સાધીશ, જીવન તણી જય યાત્રા માટે,
સમાધિ સ્નેહની સાધીશ, જગત તણી વાટે ને ઘાટે.
સ્નેહી જોડીના સ્નેહ ધર્મમાં, સફળ થશે સંસાર,
અલખ મંત્રથી ઉઘાડશું, અમે અક્ષય સુખ ભંડાર—હવે હું.
પતિત પાવની ભાગીરથી સમ, વાણી આપની શ્યામ!
દર્શાવે મને પગલે પગલે, પરમ બ્રહ્મના ધામ—હવે હું.

મોહલેખા— ૩૮

મીઠી મીઠી વાણી બોલો પ્રેમી પોપટ!
તારા બોલોથી પરવશ હું થાઉં,
નાજુક શુક આજ મારે આગણે પધાર્યા,
તારા કુમકુમથી પાય હું વધાવું
દ્રાક્ષને દાડિમ તને નિશદિન ધરાવું,
રૂડા હેમ તણે પિંજરે પુરાવું,
સ્નેહની સમાધિ ઉંડી અંતરે જગાવું,
શ્રુતિ પંચમ હું વેદની પઢાવું.—મીઠી મીઠી.

શાન્તા— ૩૯

અંતર જગવીને જ્યોતિ જે, બ્રહ્માંડ તેજોમય કરે,
જેના કુસુમના બાણથી, હરિહર સમા જીતા ફરે,

જે રમણીમય ત્રિભુવન કરે, નિજમત્ર તત્ર પ્રભાવથી,
સહુ સતજનકેરા શિરોમણિ ! પ્રણમીએ રતિના પતિ.
અમે નિત્ય સ્મરીએ રતિ નાથ !
ત્રિભુવન વિજયી મહારથી ! સાચા,
રમણી હૃદય અધિનાથ !-અમે.

શાન્તા સખીઓ— ૪૦

મનના માન્યા મુનિરાજ ! અમારા આશ્રમમા આવો,
અમારે આગણીયે આવો.

શૃંગી-- કામ યજ્ઞની જ્યોતિ જગાવો,
પચમ વેદ તણી શ્રુતિ પઢાવો,

સખીઓ-- મદન બાણ પ્રયોગ અમારો,
મુનિજન મનને વશ કરનારો,
ગુરુ રતિપતિનુ ધ્યાનધરી મન, અલખ સમાધિ લગાવો—
અમારે આગણીયે આવો

દેવર્ષિ— ૪૧

પ્રભુનુ પતિત પાવન નામ,
અધમ તણો ઉદ્ધાર કરે એ, સત તણા વિશ્રામ -પ્રભુનુ
અગમ નિગમથી પાર અપાર છે, પરમ બ્રહ્મના ધામ,
પણ પ્રેમી હૃદયથી દૂર નથી વસતા, અતરના આરામ.-પ્રભુનુ

શાન્તા— ૪૨

રસ સુન્દરીની રસ સુન્દરતા, તમે જુઓ ઉઘાડી આખો,
• હવે તમે જુઓ ઉઘાડી આખો,

ભરછક અમૃત ભરી કટોરી, અમૃત લઈ લઈ ચાખો (૨)
હવે તમે જુઓ.

વદન હેમ જ્યોતિ વસી, નયને પ્રેમ રસ જ્યોત,
હેલી કરે અમૃત તણી, આત્મા અમીરસ જ્યોત.
આશા ઘેલી તમ હૃદયા ઉરના,
રસિયાવાસી બની સિંચો મધુરતા,

શૃંગી—વાવો રસિકતા, મમ મનગમતા (૨)-રસ સુંદરીની

સર્વે— ૪૩

દેજો દીન દયાળ! આશિષ સુખકારી,
લેજો વિનતિ અમારી ઉરધારી -દેજો.
અમીવૃષ્ટિ વરસાવી ફળવતી, કરજો પૃથ્વી અમારી.-દેજો.
સ્વધર્મ વશ વર્તે સહુ પ્રાણી, ફળજો વાણી તમારી -દેજો

સમાપ્ત

ચંબેલીના
ફુલોના
બહાર.

ઓટો મોહિની

સેંટચા રાજા (રજિસ્ટર્ડ)

માત્ર ચારજ ટીપા રૂમાલમા નાખો એટલે તમારી પાસે ચંબેલીના ફુલોનો એક તુરો હોય એવી સુગન્ધ ચાલુ આવ્યા કરશે. પણ તેમા ખાસ ધ્યાન ખેચનારૂ એ જોશો કે જ્યારે ફુલોનો તુરો તેની સુગન્ધ ખોઈ સાંજ પડતા કરમાઈ જાય છે, ત્યારે આ સેંટના માત્ર ચારજ ટીપાં ચાર દિવસ સુધી ચાલુ સુવાસ આપશે.

અર્ધા આઉંસની કાચના બુચવાળી સીસીના રૂપીઆ બે અને એક ડ્રામની સુંદર ટયુબના બાર આના.

એકલા આડત્યાઓ:—**મોહિની એજન્સી,**

૩ ફ્રીઅર બીલ્ડીગ્સ, જુમામસ્જીદ, **મુંબઈ નં. ૨.**

સત્ શ્રીકબીર ઔષધાલયમાં પવિત્ર મહાત્માપ્રેરક બનતી દવાઓ.

આંખની અકસીર દવા—"ન્યુરેલાઇન"

આ દવા આંજવાથી શીતળતા પેદા થતા આખની અદર ખીલ, તાપોડીયા, ફુલુ, મોતીયા, છારી, ગરમી વગેરે આવી ગયેલા હોય તેને માટે અકસીર દવા છે કીમત શીશી એકનો રૂપીઓ દોઢ—આ અકસીર દવા માટે મી૦ આર. એસ. પડિત બેરિસ્ટર એટલૉ, મી૦ પેસ્તનજી ફરામજી ઈજીનિયર. મી૦ મહાશકર વિઠ્ઠલજી વ્યાસ. મી૦ કીકાભાઈ ફજલઅલી રગવાળા વગેરે સુપ્રસિદ્ધ ગૃહસ્થોના સર્ટિફિકેટો મળેલા છે.


ખુની હરસ અને દુઃખતા મસા.

અમારી હરસની દવા એક રામબાણ ઇલાજ છે, આ દવા લગાડવાથી જરા પણ બળતરા નહિ થતા મસા ગળી જાય છે. એક દિવસ વાપરવાથી તુરત ફાયદો માલુમ પડશે અને આઠ દિવસની અદર તો જડ મૂળથી ઉખેડી નાખશે કીમત ડબી એક આઠ દિવસ સુધીના રૂપીઆ ચાર—આ દવા માટે પણ મી૦ રૂસ્તમજી એદલજી શાદેરીયા. મી૦ સુખેશ્વર મુજપરકર, મી૦ દીનકર વિશ્વનાથ વજે વગેરે ગૃહસ્થોના પ્રમાણપત્રો મળેલા છે આ સિવાય ઘોડાઓ માટે તાકાતનો મશાલો, જાનવરને માટે જખમનુ અકસીર તેલ વગેરે ઘણી જાતની અકસીર દવાઓ વનસ્પતિની શુદ્ધ રીતે બનાવવામા આવે છે

સત્ શ્રી કબીર ઔષધાલય ન ૧૦૩
ગુલાલવાડી-મુંબઇ. } **મૂલચન્દ જવેરચન્દ કટારીયા,**

કેશર કસ્તુરી, અંબર વગેરે દેશી વનસ્પતિની બનેલી

"રૉયલ ટૉનીક પીલ્સ."



(રજીસ્ટર્ડ નં. ૧૮૦ વાળી)

દરેક પ્રકારની નબળાઈ દૂર કરી પુરુષાતન આપે છે, ભુખ વધારી અવયવોને તાકાત આપી શરીરનુ પોષણ કરે છે, એટલુ જ નહિ પણ ફક્ત ત્રણ દિવસમાં પોતાની અદ્‌ભુત શક્તિ આબેહુબ બતાવે છે, વળી સ્ત્રીઓના અનિયમિત માસિક રોગને અટકાવી ગર્ભસ્થાનને સુધારી તનદુરસ્તી બક્ષે છે

☞ નકલી માલથી સાવચેત રહેજો.

કીમત, ૩૦ ગોળીની બાટલીનો રૂા. ૧-૪-૦

એકથી ત્રણ બાટલીના ટપાલ ખર્ચના ત્રણ આના.

☞ દરેક દવા વેચનાર પાસેથી મળશે.

ગોવિંદજી દામોદરની કંપની,

જથાબધ તથા છુટક દવા વેચનાર

ઠે૦ શેખ મેમણ સ્ટ્રીટ, નં૦ ૩ સુતારચાલ-મુંબઈ.